જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૨/૨૦૨૦ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૩૫૨/૨૦૨૦**

# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

### શહેરકોટડા પોલીસ સ્ટેશન :

## ભારતીય બનાવટના ઇંગ્લીશ દારૂના જથ્થો પકડી પાડતો શહેરકોટડા પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

સંયુક્ત પોલીસ કમિ.શ્રી અમીત વિશ્ર્વકર્મા સાહેબશ્રીની સુચનાથી નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ આર.એફ.સંગાડા સાહેબ તથા એ.સી.પી. શ્રી ડી.એચ દેસાઈ સાહેબ તથા શહેરકોટડા પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વી.ડી.વાળા તથા સે.પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડી.બી.ડાભી નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઇન્સ. એચ.એલ.જેબલીયા તથા બીજા સ્ટાફના માણસો સાથે પોસ્ટે વિસ્તારમા પેટ્રોલીંગ દરમ્યાન અ.મ.સ.ઈ રામસિંહ જુજારસિંહ તથા અ.હે.કો મહેંદ્રસિંહ રઘુનાથસિંહ નાઓને મળેલ ખાનગી બાતમી હકિકત આધારે આરોપી નામે દીપક ઉર્ફે દીપલો સ/ઓ રામજીભાઈ ભલાભાઈ ચાવડા ઉ.વ.૨૮ રહે-મ.નં.૫૧ અનીલ વકીલની ચાલી હનુમાન મંદિર પાસે પ્રેમનગર મેમ્કો અમદાવાદ નાને પોતાના ભોગવટાના રહેણાંક મકાનની અંદરથી ભારતીય બનાવટની મેક્ડોવલ્સ નં.૧ સેલીબ્રેશન રમ ઈંગ્લીશ દારૂની બોટલ નંગ-૦૯ કિ.રૂ. ૪,૫૦૦/- ગણી તથા ભારતીય બનાવટની પાર્ટી સ્પેશ્યલ ડીલક્ષ વ્હીસ્કિ ઇંગ્લીશ દારૂ બોટલો નંગ-૯૬ કિ.રૂ. ૪૮,૦૦૦/- કુલ્લે બોટલ નંગ-૧૦૫ કિ.રૂ.૫૨,૫૦૦/- તથા સુજીકી એક્સેસ મો.સા. કિ.રૂ.૨૫,૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૨ કિ.રૂ.૧૦,૫૦૦/- તથા રોકડા રૂપીયા ૮૦૦/- તથા દીપક રામજીભાઈ ચાવડાના નામનુ આધારકાર્ડ કિ.રૂ.૦૦/- તથા એક પ્લાસ્ટીકની થેલી કિ.રૂ.૦૦/- જે તમામ મળી કુલ્લે રૂ.૮૮,૮૦૦/- નો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.


REDMI NOTE 5 PRO
MI DUAL CAMERA

# પાસા અટકાયતીની વિગત

**નારોલ પોલીસ સ્ટેશન :**

## પ્રોહીબીશનની પ્રવૃતિ સાથે સંકળાયેલા ઇસમને પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ ઇ.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીઝન સાહેબ અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશન સબંધી ગુનાઓની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જેથી પો.ઇન્સ એસ.એ.ગોહિલ તથા સ્ટાફના માણસોએ નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ પ્રોહીબિશનના ગુનાઓ સબંધે નારોલ પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં.૫૩૪૧/૧૯ પ્રોહી એકટ કલમ-૬૬(બી), ૬૫ એ (ઇ),૧૧૬ (૧) ૮૧, ૯૮(૨) મુજબના ગુનાઓના કામના આરોપી:ચુનીલાલ દુર્ગારામ જાતે પુનિયા (જાટ) ઉ.વ.૨૧ ધંધો.ડ્રાઇવીંગ રહે.મ.નં.૯ પુનિયા કી બસ્તી ગામ.જાયડુ તા.રામસર જી.બાડમેર રાજસ્થાન નાઓની વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૨૦૭/૨૦૨૦ તા.૨૦/૦૨/૨૦૨૦ થી પાસા અટકાયતીનો હુકમ કરતા સદર આરોપીને આજ-રોજ તા:૨૧/૦૨/૨૦૨૦ના કલાક ૦૯/૩૦ વાગ્યે બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપેલ છે.



# ગુના નિવારણ શાખા :

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ તા.૨૦.૨.૨૦૨૦ નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલક્તસબંધી, પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ  છે.

- અમદાવાદ શહેરના એલીસબ્રીજ તથા આનંદનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી ચાલતા જતા ફરીયાદીના હાથમા રહેલ પર્સ જેમા રોકડા નાણા તથા મો.ફોન ઝુંટવી ચોરી કરી લઈ જનાર તેમજ ફરીયાદીના લાકડાના ગલ્લાનો દરવાજો તોડી સીગારેટ પાન મસાલા તથા ચોકલેટ તથા ચાંદીની ઝાંઝરીની ચોરી કરનાર માથાભારે અને ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે મોન્ટુ શંકરભાઈ પરમાર રહેવાસી- બુટ ભવાની મંદિર પાસેના છાપરામા રામદેવ મંદિર પાસે વેજલપુર અમદાવાદ શહેર વિરુધ્ધમા પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | મોન્ટુ શંકરભાઈ પરમાર રહેવાસી- બુટ ભવાની મંદિર પાસેના છાપરામા રામદેવ મંદિર પાસે વેજલપુર અમદાવાદ શહેર |

- અમદાવાદ શહેરના સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા વેચાણ કરવાના ઈરાદે ઉત્પાદન કરી તથા પોતાના સાગરિત સાથે મળી પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા ગેરકાયદેસરના વગર પાસ પરમીટના દેશીદારુનુ વેચાણ કરનાર નામે અનીલ દેવજીભાઈ ચૌહાણ રહેવાસી- મોચીપાડા અઁબે માતાના ચોકથી આગળ હનુમાન મંદિર સામે કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને વડોદરા જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | અનીલ દેવજીભાઈ ચૌહાણ રહેવાસી- મોચીપાડા અઁબે માતાના ચોકથી આગળ હનુમાન મંદિર સામે કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર |

- આ ઉપરાંત પ્રોહીબીશનના ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૫ ઇસમ મળી કુલ્લે ૦૭ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી તેઓને વડોદરા રાજકોટ સુરત જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.